અપીલ અરજી નં.૧૯૮ તા.૩૦–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,વેસ્ટઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ)
ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જા.મા.અ. (વર્કશોપ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( હાઈડ્રોલીક, લીંબાયતઝોન)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ)
ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.)
ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર)
ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(સોલીડવેસ્ટ,મેનેજમેન્ટ,માર્કેટ, વેકશીનેશન,યુસીડી,આઈસીડીએસ, વીબીડીસી)
ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ –વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૭–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા ૧૯/૩/૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા.૧૦/૪/૦૭ હોવા છતાં જનરલ કેટેગરીનાં હેવી વ્હીકલ લાયસન્સ ઉમેદવાર નં. ૩૪નું TVA–૫/૯/૦૭,ઉમેદવાર નં. ૪૦નું TVA–૧૪/૫/૦૭,ઉમેદવાર નં. ૫૯નું TVA–૨/૫/૦૭ અને ઉમેદવાર નં. ૮૨નું TVA–૧૮/૭/૦૭નાં હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણૂંક આપવા અંગેની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૮/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨૭–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા ૧૯/૩/૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા.૧૦/૪/૦૭ હોવા છતાં જનરલ કેટેગરીનાં હેવી વ્હીકલ લાયસન્સ ઉમેદવાર ૩૪નું TVA–૫/૯/૦૭, ઉમેદવાર ૪૦નું TVA–૧૪/૫/૦૭, ઉમેદવાર ૫૯નું TVA–૨/૫/૦૭ અને ઉમેદવાર ૮૨નું TVA– ૧૮/૭/૦૭નાં હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણૂંક આપવા અંગેની માહિતીની નકલ. વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે અયોગ્ય ,અપારદર્શી ,અસત્ય અને અપુરતી માહિતી ઈરાદાપૂર્વક પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૧૩ તા.૬–૮–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,વેસ્ટઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) , ઈ.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જા.મા.અ. (વર્કશોપ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( હાઈડ્રોલીક, લીંબાયતઝોન), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર

માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.), ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી , (સોલીડવેસ્ટ ,મેનેજમેન્ટ,માર્કેટ, વેકશીનેશન,યુસીડી,આઈસીડીએસ, વીબીડીસી), ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ –વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં નારાજગીના મુદ્દા આધાર સહ સ્પષ્ટ કરવા તથા વિશેષતઃમુદ્દા નં ૫ અંગે કયા જા.મા.અ.કક્ષાએથી કેટલી સંખ્યાની મળેલ નથી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.

(૧)જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૨૦૪૪ તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને નિયત સમય અવધિ બાદ આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/આ.નં.૮૨૦ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ સાથે વાહનોના ૨૫ ડ્રાઈવરોની યાદી તથા ૮૫ ફાયર ખાતાના વાહનો તથા ૧૫ કોમનપુલના વાહનોની યાદીની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૦૭ તા.૩૧–૫–૧૧ ના રોજ પર્સોનલ ઓફિસર રીકૃટમેન્ટને તબદીલ કરેલ પત્રની નકલ, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૧૯ તા.૨–૬–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૫ અંગે તબદીલ કરેલ પત્રની નકલ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/૭૫૮ તા.૪–૬–૧૧ થી તમામઝોન, ફાયર ખાતુ, સો.વે.મે., માર્કેટ, ડ્રેનેજ, ગાર્ડન, હાઈડ્રોલીક , સેન્ટ્રલ સ્ટોર્સ, વોર્ડ એન્ડ વોર્ડ, વેકશીનેશન, યુસીડી, ટાઉન પ્લાનીંગ, વીજીલન્સ, વર્કશોપ, આઈસીડીએસ, મ.ભ.યો., સ્મીમેર, વીબીડીસી ને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૪૨૩ તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં મધ્યસ્થ મહેકમ તરફથી તમામઝોન અને ખાતાઓને તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારની મુળ અરજીની નકલ નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે વોચ એન્ડ વોર્ડ/૨૦૨ તા.૯–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

(૩) જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૫૭૬ તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, મધ્યસ્થ વિભાગ નો તા.૪–૬–૧૧ થી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તથા રીક્રુટમેન્ટના તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૩૯ તા.૨૮–૬–૧૧ ના સમય અવધિ બાદ પત્રની નકલ તેમજ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે.

(૪) જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/આ.નં.૩૮૯ તા.૧૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર ત્ર નં.પીએચડી/વીએસસી/આ.નં.૨૬૫ તા.૧૬–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

(૫) જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૦૬૯ તા.૧૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/ ૬૭૬ તા.૨૪–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તથા મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

(૬)જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર ન.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૦૧ તા.૧૭–૮–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીકૂંટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, નોંધ વિભાગ, ઈ.ઝેડ/આરટીઆઈ/૨૦૧ તા. ૪–૭–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ, તેમજ હેવી વ્હીકલ તેમજ ડ્રાઈવરોના યાદી અંગેના પત્રકની નકલ અત્રે મળેલ છે.

(૭) જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૩૨૯૪ તા.૧૭–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર ને.એન.ઝેડ/આ.નં.૧૭૨૬ તા.૨૩–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તથા આરોગ્ય લોકસેવા અને ડ્રેનેજ વિભાગના ૧ થી ૩૯ વાહનોના પ્રકાર, ડ્રાઈવરના નામના લીસ્ટની યાદીની નકલ, આ અગાઉ અરજદારને તેમની તા.૧૪–૭–૧૧ ની અરજી સંદર્ભે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૭૮૮ તા.૨૭–૭–૧૧ થી આરોગ્ય લોકસેવા અને ડ્રેનેજના ૧ થી ૬૪ ગાડી નંબર ગાડીનો પ્રકાર અને ડ્રાઈવર વિગેરેના લીસ્ટની યાદીની નકલ અત્રે મળેલ છે.

(૮)જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૧૫ તા.૨૦–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૨૪૧ તા.૧૮–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તેમજ વાહનનો પ્રકાર, વાહન નંબર અને ડ્રાઈવરની યાદીની નકલ મળેલ છે.

(૯) જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આ.નં.૪૭૩ તા.૨૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઓટો/વર્કશોપ/આ.નં.૨૦૭ તા.૯–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તથા મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

(૧૦) જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય./૧૪૭ તા.૧૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૩ર તા. ૩૦–૬–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ અત્રે મળેલ છે.

(૧૧) જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/૫૧૬ તા.ર૩–૮–૧૧ થી પૂરક વિગતોનો પત્ર અત્રે મળેલ છે.

(૧૨) જાહેર માહિતી અધિકારી ગાર્ડન હાઉસીંગ તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.ર૪૧ તા.ર૦–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.પીપીજી/આ.નં.૯૬ તા.૮–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

(૧૩) જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના તરફથી પત્ર નં.મ.ભ.યો./આરટીઆઈ/વશી/ર૮૯ તા.ર૯–૮૮–૧૧ થી પૂરક વિગતોનો પત્ર અત્રે મળેલ છે.

(૧૪) જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનજમેન્ટ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આ.નં.૯ર૬ તા.ર૯–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/ સો.વે.મે./ આ.નં.૪૭૦ તા. ૧ ૬–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તેમજ સો.વે.મે. વિભાગના ડ્રાઈવર, વાહનનો નંબર અને પ્રકારના લીસ્ટની યાદીની નકલ, મધ્યસ્થ મહેકમ વિભાગના ડ્રાઈવરોના હુકમ નં.જીએડી/ઈએટી/૬૧૭ તા.૫–૬–૦૯ તથા હુકમ નં.જીએડી/ઈએસટી/૧૬૪૬ તા. ૩૧–૮–૦૯ ના હુકમની નકલ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રૂટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

(૧૫) જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/આ.નં.૫૦ર તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ,, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર /ર૬૭ તા.ર૦–૬–૧૧ ના સમય અવધિમાં આપેલ પત્રની નકલ તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩ર૪ તા.ર–૭–૧૧ ના પત્રની નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૩ તા.૧૪–૭–૧૧ ના પત્રની નકલ, ટીવીએ ૫–૪–૦૭ , ટીવીએ ૧૪–૫–૦૭, ટીવીએ ૧૭–૩–૦૪ ટીવીએ ૪–૧ર–૦૪ ,ટીવીએ ર૦–૧–૦૭ ના લાયસન્સની નકલો ૧૦ર ડ્રાઈવરોના યાદીના લીસ્ટ તથા જાહેરાતની નકલ અત્રે મળેલ છે.

(૧૬) જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા મેલેરીયા વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૮૯૩ તા.૩૦–૮–૧૧ નો અરજદારને સમય અવધિ બાદ માહિતી આપેલ જણાતો પૂરક પત્ર અત્રે મળેલ છે.

(૧૭) જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.ર૫ તા.૩૦–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન, રીક્રુટમેન્ટ અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૧૪ તા.૧૮–૬–૧૧ ના સમય અવધિમાં પાઠવેલ પત્રની નકલ, અરજદારની તા.૧ર–૧–૧૧ , ૧૯–ર–૧૧, ૧–૧–૧૧, ૧૦–ર–૧૧, ર૭–૫–૧૧ અને તા.૧૭–૬–૧૧ ની અરજીઓ બાબતે આપેલ માહિતીની નકલ અત્રે મળેલ છે.

(૧૮) જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપડી/આરટીઆઈ/ર૫૭ તા.ર–૯–૧૧ થી પૂરક પત્ર મળેલ છે.

(૧૯) જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગો અત્રે મળેલ નથી.

જયારે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૭૮ર તા.૯–૬–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી પત્ર નં.સીએચ/૧૦ર૮ તા.૧૫–૬–૧૧ થી સમય અવધિમાં આપેલ મીહતી અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૯૧૦ તા.રર–૬–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતી અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં.આઈસીડીએસ/એસએમસી/આ.નં.૯૬ તા.ર૪–૬–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતી અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં. પીએચડી/માર્કેટ/૩૪૦ તા.૧–૭–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ જે ઉપરોકત પૂરક વિગતોમાં આપેલ માહિતી પત્રો ઉપરાંતની નકલ અરજદાર તરફથી અત્ર મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન,સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો કે માહિતી અત્રે મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે અત્રે મળેલ નથી.

અરજદારની તા. ર૭–૫–૧૧ ની અરજીથી સુરત મહાનગપાલિકામાં ડ્રાઈવરોની નિમણુંક અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/આ.નં.૩૦૭ તા.૩૧–૫–૧૧ થી પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/ર૧૯ તા.ર–૬–૧૧ થી નિયત સમય અવધિમાં પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૫ ની માહિતી અંગે તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫૮ તા.૪–૬–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોન ફાયર ખાતુ, સો.વે.મે., માર્કેટ, ડ્રેનેજ, ગાર્ડન, હાઈડ્રોલીક, સેન્ટ્રલ સ્ટોર્સ, વોર્ડ એન્ડ વોર્ડ, વેકશીનેશન, યુસીડી, ટાઉન પ્લાનીંગ, વીજીલન્સ, વર્કશોપ, આઈસીડીએસ, મ.ભ.યો., સ્મીમેર, વીબીડીસી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને પર્સોનલ ઓફિસર આર અને જાહેર માહિતી અધિકારી તરફથી

પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૬૭ તા.૨૦–૬–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. ત્યાર બાદ અરજદારની તા.૨૪–૬–૧૧ ની રજૂઆત સંદર્ભે અરજદારે પાના નંગ–૧૦૬ ની જગ્યાએ અરજીમાં જણાવ્યા મુજબ પાના નંગ–૩૩ ની માહિતી માટે રૂા.૬૬/– જમા કરાવ્યેથી માહિતી પૂરી પાડવાનું જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૧૩૭૫ તા. ૧–૭–૧૧ થી રૂા.૬૬/– ભરપાઈ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/એસટી/આર/૩૨૪ તા.૨–૭–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. ત્યાર બાદ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૩ તા.૧૪–૭–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ૯૩ ડ્રાઈવરો હેવી વ્હીકલની પ્રતિક્ષાયાદીની જાહેરાત નં. પી.આર.ઓ.૫૯૭ તા ૧૯/૩/૦૭ અને અરજી પરત કરવાની છેલ્લી તા.૧૦/૪/૦૭ હોવા છતાં જનરલ કેટેગરીનાં હેવી વ્હીકલ લાયસન્સ ઉમેદવાર ૩૪નું TVA–૫/૯/૦૭, ઉમેદવાર ૪૦નું TVA–૧૪/૫/૦૭, ઉમેદવાર ૫૯નું TVA–૨/૫/૦૭ અને ઉમેદવાર ૮૨નું TVA– ૧૮/૭/૦૭નાં હોવા છતાં આ ઉમેદવારોને હેવી વ્હીકલ ડ્રાઈવર તરીકે નિમણૂંક આપવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી ઉમેદવારો તરફથી અરજી ફોર્મ સાથે રજૂ કરવામાં આવેલ તમામ પ્રમાણપત્રો સાથેની અરજી ફોર્મના પાના નંગ–૪૮ થાય છે. આરટીઆના નિયમ મુજબ પાના દીઠ રૂા.૨ લેખે કુલ રૂા.૯૬ થાય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જનરલ કેટેગરીના ઉમેદવાર નં.૫૨ નું TVA–૫/૧/૦૭ ઉમેદવાર નં.૭૭ નું TVA–૨/૩/૦૭ અને ઈબીસી કેટેગરીના ઉમેદવાર નં.૫૮ નું TVA–૨૧/૧/૦૭ ઉમેદવાર નં.૭૨ નું TVA–૧૬/૫/૦૭ ના હેવી વ્હીકલ લાયસન્સ હોવા છતાં ડ્રાઈવર તરીકેની નિમણુંક આપવા અંગેની માહિતીની નકલ સદર મુદ્દા નં.૧ અને ૨ ના ઉમેદવારોની નિમણુંક સ્ટાફ સીલેકશન સમીતીએ કરેલ હોય જેના નામ પોસ્ટ સહિતની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી ઉમેદવારો તરફથી અરજી ફોર્મ સાથે રજૂ કરવામાં આવેલ તમામ પ્રમાણપત્રો સાથેની અરજી ફોર્મની નકલના પાના નંગ ૫૦ થાય છે. સ્ટાફ સીલેકશન સમિતિ ધ્વારા બનાવવામાં આવેલ પ્રતિક્ષાયાદીના નકલના પાના નં.૬ થાય છે.કુલ મળી પાના નંગ–૫૬ થાય છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ અન્વયે પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૧૨/– થાય છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદર ૯૩ હેવી વહીકલ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની જાહેરાતમાં એસ.સી. જાતિને નકારવામાં આવેલ હોય તેમ છતાં એસ.સી જાતિના ૧૫ ડ્રાઈવરોની ભરતી એસ.સી. જાતિના પ્રમાણપત્ર અરજી ફોર્મ સાથે બીડાણ કરેલ હોવા છતાં અને પ્રતિક્ષાયાદીમાં પણ ૧૫ ડ્રાઈવરોને એસ.સી. તરીકે ગણતરીમાં લેવામાં આવેલ હોય જે અંગેની માહિતીની નકલ,. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી જનરલ કેટેગરીમાં કોઈ પણ જાતિના ઉમેદવારો નિયત લાયકાત ધરાવતા હોય તો તેઓ અરજી કરી શકે છે. સદર બાબત માટે જાહેરાતની નકલના પાના નંગ–૨ થાય છે આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– થાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સદર ૯૩ ડ્રાઈવરોની હેવી વ્હીકલની ખાલી જગ્યાની ભરતી અંગેની સામાન્ય સભામાં કમિ.શ્રીએ સ્પષ્ટ નોંધ કરેલ છે કે ક્રાઈટેરીયા મુજબ જુના હેવી વ્હીકલના ડ્રાઈવરો ઉપલબ્ધ હોય જેમાંથી ભરતી કરવાની છે તેમ છતાં પ્રકેટીકલ ટેસ્ટ લેનાર યુ.જી.નાયક વર્કશોપ તેમજ સ્ટાફ સીલેકશન સમિતિ તથા મહેકમ રીક્રુટમેન્ટ વિભાગે આશરે ૭૦ જેવા નવા અનુભવ વગરનાઓને નિમણુંક આપેલ છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નકકી કરવામાં આવેલ ક્રાઈટેરીયા મુજબ ભરતી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગે કુલ –૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે ઝોન વિભાગમાં કરેલ હોય તે જે ઝોનના વિભાગના હેવી વ્હીકલ ડ્રાઈવરોના નામ, નંબર સહિતની માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગમાં માહિતી મેળવવાની તજવીજ કરવા અરજી તબદીલ કરવામાં આવેલ છે તેમજ ઉપરોકત હકીકતે માંગવામાં આવેલ માહિતી પાના નંગ–૧૦૬ ના પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૧૨/– જમા કરાવ્યેથી માહિતી બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ. જે અંગે અરજદારે તેમના તા.૨૪–૬–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજીમાં જણાવ્યા મુજબની માંગેલ માહિતીમાં પાના નંગ–૩૩ થાય છે જેના પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૬૬/– જમા કરાવ્યેથી માહિતી અંગેની આગળની કાર્યવાહી કરવા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૨૪ તા.૨–૭–૧૧ થી જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૧૩૭૫ તા. ૧–૭–૧૧ થી રૂા.૬૬/– ભરપાઈ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/એસટી/આર/૩૨૪ તા.૨–૭–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. ત્યાર બાદ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૩ તા.૧૪–૭–૧૧ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલ. જે અંગે અરજદારે અયોગ્ય અપારદર્શી અસત્ય અને અપૂરતી માહિતી ઈરાદાપૂર્વક અને સમય મર્યાદા બાદ આપવામાં આવેલ હોવાનું જણાવી તા.૩૦–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૯૬ તા.૮–૬–૧૧ થી નીલ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્રનં. ઓટો વર્કશોપ/૨૦૭ તા.૯–૬–૧૧ થી ૦૧ ડ્રાઈવર અંગેની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં.૭૮૨ તા.૯–૬–૧૧ થી ૨ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલસ્ટોર્સ તરફથી પત્ર નં.સી.એસ/૧૦૨૮ તા.૧૫–૬–૧૧ થી નીલ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/આ.નં.૨૦૨ તા.૯–૬–૧૧ થી ૦૧ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મ.ભ.યો. તરફથી પત્ર નં.મભયો./અમલ/આરટીઆઈ/રજીસ્ટર નં.૪ ૨૦૧૧ તા.૧૬–૬–૧૧ થી નીલ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સો.વે.મે. તરફથી પત્ર

નં.સો.વે.મે./૪૭૦ તા.૧૬–૬–૧૧ થી ૧૬ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/૩૧૦ તા. ૧૮–૬–૧૧ થી નીલ માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૪૧ તા.૧૮–૬–૧૧ થી ૧૯ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/૧૪ તા.૧૮–૬–૧૧ થી ૧૦ ડ્રાઈવરની માહિતી આપવમાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચડી/આ.નં.૯૧૦ તા.૨૨–૬–૧૧ થી ૧૮ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૭૨૬ તા.૨૩–૬–૧૧ થી ૩૯ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૬૭૬ તા.૨૪–૬–૧૧ થી ૦૧ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં.આઈસીડીએસ./એસએમસી/૯૬ તા.૨૪–૬–૧૧ થી ૦૪ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૩૩૯ તા.૨૯–૬–૧૧ થી સમય મર્યાદા બાદ ૧૯ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૩૨ તા.૩૦–૬–૧૧ થી સમય મર્યાદા બાદ ૫૨ ડ્રાઈવરની જુના તથા નવા સહિતની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં.પીએચડી/માર્કેટ/૩૪૦ તા.૧–૭–૧૧ થી ૦૪ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૨૦૧ તા.૪–૭–૧૧ થી સમય મર્યાદા બાદ ૧૨ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા મેલેરીયા તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૫૮૦ તા.૧૨–૭–૧૧ થી સમય અવધિ બાદ ૦૧ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં.એફઈએસ/૮૨૦ તા.૮–૭–૧૧ થી સમય મર્યાદા બાદ ૨૫ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે તેમજ ૧૦૦ વાહનોની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૨૬૫ તા.૧૬–૬–૧૧ થી ૪ ડ્રાઈવરની માહિતી આપવામાં આવેલ છે. આમ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીના પત્રોની ઉકત જણાવેલ વિગતો જોતાં અરજદારને ૧૯૫ ડ્રાઈવરોની માહિતી મળ્યાનું જણાય છે. અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન, ઉધનાઝોન અને વરાછાઝોન, ફાયરખાતુ, જંતુનાશક અધિકારીએ વિલંબથી આપેલી માહિતીની રજૂઆત કરવામાં આવેલ છે. જે અંગે સબબ જાહેર માહિતી અધિકારીઓ તરફથી વિના મૂલ્યે માહિતી આપવામાં આવેલ છે. તે સિવાયના તમામ જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજીમાં વર્કશોપ તરફથી આપવામાં આવેલી મુદ્દા નં.૫ ની માહિતી (૧)વર્કશોપ/૨૦૭ તા.૯–૬–૧૧ અને અગાઉ આપવામાં આવેલી માહિતી નં. ૯૮૬ તા.૧–૩–૧૧ બાબતેની કરેલી રજૂઆત વિરોધાભાસી હોવા બાબતે ૨૦૭ થી આપેલ માહિતી એક હેવી વ્હીકલને લગતી છે જયારે ૩૮૬ થી આપેલી માહિતી હેવી વ્હીકલ અને લાઈટ વ્હીકલ બંને સાથેની છે. તેવું તેઓના જુદા જુદા અરજીના પ્રશ્ન સંદર્ભે જણાય છે. જયારે (૨) સ્મીમેર તરફથી આપેલી માહિતી બાબતે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૩૧૦૦૪૨ તા.૨૦–૬–૧૧ થી રૂા.૬/– ભરપાઈ કરી મેળવેલ હોવાનું જણાવેલ છે. જે પૈકી જેમાં અરજદારે આપેલ માહિતીમાં બે ડ્રાઈવરોની વિગતો અને તા.૨૩–૩–૧૧ ના સંદભે ૨૫ અંગેની માહિતીની નકલ સંદર્ભે રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે તા.૨૭–૫–૧૧ ની અરજી સંદર્ભે બે ડ્રાઈવરોની માહિતી ૨૧૮ પૈકીની છે. તેવું જણાય છે. (૩) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તા.૧૬–૬–૧૧ ના પત્ર નં.પીએચડી/વીએસસી/૨૬૫ થી ૪ ડ્રાઈવરો કર્મચારી નંબર સાથે વેકશીનેશન બ્રાચમાં મુદ્દા નં.૫ અંગે યાદી પાઠવેલ જેમાં હેવી વ્હીકલ ડ્રાઈવર નયનભાઈ ઓભલીયાને બે વાર જણાવેલ છે. (૪) સો.વે.મેના ચાર ડ્રાઈવર અનુ ક્રમ નં.૧૧ માં પણ છે. તથા આજ જાહેર માહિતી તા.૧૬–૬–૧૧ ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૪૭૦ થી આપેલી માહિતી માહિતીમાં કુલ –૧૭ ડ્રાઈવર કર્મચારી નંબર અને ૧૫ વ્હીકલના નામ અને નંબર તથા અનુ ક્રમ નં.૧૬ ભરતભાઈ ગણપતભાઈ પટેલની કોમન પુલ વિભાગમાં બદલી થયેલ જણાય છે. અને અનુક્રમ નં.૧૧ નયનકુમાર આભેલીયા જે વેકશનીનેશન બ્રાંચના અનુક્રમ નં.૪ માં આપેલ માહિતી વિરોધાભાસી હોવાનું જણાય છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગ તરફથી પૂરક વિગતોમાં અરજદાર મજકુરે તા.૨૭–૫–૧૧ ની અરજી આઈ ડી નં. ૨૬૫ ના મુદ્દા નં.૫ થી મહેકમ રીક્રુટમેન્ટ વિભાગે ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક જે તે ઝોન વિભાગમાં કરેલ હોય તે જે ઝોન વિભાગમાં કરેલ હોય તેને ઝોન વિભાગના હેવી વ્હીકલ ડ્રાઈવરોના નામ નંબર સહિતની માહિતી. માંગેલ હતી. સદર અરજી પર્સનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારીના તા.૪–૬–૧૧ ના પત્ર નં.જીએડી/ ઈએસ ટી/૭૫૮ થી સો.વે.મે. વિભાગને તબદીલ કરેલ હતી. જેમાં ૨૧૮ હેવી વ્હીકલ ડ્રાઈવરોની નિમણુંક મહેકમ વિભાગના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/(૧)૬૧૭ તા.૫–૬–૦૯ (૨) ૧૬૪૭ તા.૩૧–૮–૦૯ (૩) ૪૧૪૩ તા.૨૩–૩–૧૦ ( ૪) ૧૨૧૭ તા.૧૪–૭–૧૧ થી કરવામાં આવેલ હોવાનું જણાવેલ હતું. જે પૈકી આ સાથે સામેલ કચેરી હુકમ નં. .જીએડી/ઈએસટી/(૧)૬૧૭ તા.૫–૬–૦૯ થી ૧૪ ડ્રાઈવરો અને (૨) ૧૬૪૬ તા.૩૧–૮–૦૯ થી કુલ –૦૨ મળી કુલ ૧૬ ડ્રાઈવરોની નિમણુંક અત્રેના સો.વે.મે. વિભાગમાં કરવામાં આવેલ હતી. આ ૧૬ ડ્રાઈવરોની માહિતી અરજદારને પાઠવવામાં આવેલ. જેમાં આ. નં.૧૨ થી શ્રી નરેન્દ્રસિંહ એચ. ગઢવી (ક.ન.૮૦૬૬૫) ના સ્થાને શરતચૂકથી ઈન્દ્રજીત રતિલાલ રાઠોડ (ક.નં.૧૬૮૦૫) નું નામ દર્શાવવામાં આવેલ છે. ડ્રાઈવર શ્રી નરેન્દ્રસિંહ એચ. ગઢવી (ક.ન.૮૦૬૬૫) ની બદલી અત્રેના વિભાગમાંથી અન્ય વિભાગમાં થયેલ હોય તેઓ હાલ સો.વે.મે. વિભાગમાં ફરજ બજાવતા નથી. આ ઉપરાંત ડ્રાઈવરો નામે (૧) શ્રી હસમુખભાઈ આર. વણોલ(૨) શ્રી ધર્મેશભાઈ જી. પટેલ (૩) શ્રી ભરતભાઈ ગણપતભાઈ પટેલને સો.વે.મે. વિભાગમાં નિમણુંક આપવામાં આવેલ હતી પરંતુ તેઓની અન્ય વિભાગ/ઝોનમાં બદલી કરવામાં

આવેલ હોય તેમના નામની સામે તેઓની બદલીના ઝોન/વિભાગનું નામ સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ હતું. વધુમાં ખાતાના એક ડ્રાઈવર શ્રી નામે નયનકુમાર સી. ઓંભલીયા સો.વે.મે. વિભાગમાંથી પગાર મેળવી વેકસીન વિભાગમાં ફરજ બજાવતા હોઈ તેઓની માહિતી સો.વે.મે. વિભાગ ધ્વારા આપવમાં આવેલ હતી. જયારે સદર ડ્રાઈવર લોન ઉપર વેકશીન વિભાગમાં ફરજ બજાવતાં હોય વેકસીન વિભાગે આપેલ માહિતીમાં પણ સદર ડ્રાઈવરોનો સમાવેશ કરવામાં આવેલ હતો પરંતુ સો.વે.મે. વિભાગ ધ્વારા આપવામાં આવેલ માહિતીમાં શ્રી નયનકુમાર સી. ઓંભલીયા વેકસીન વિભાગના વાહન SUMO પર ફરજ બજાવતાં હોવાનું એકદમ સ્પષ્ટ રીતે જણાવેલ હતું. અરજદારે તા. ૩૦–૭–૧૧ ની અપીલ અરજીથી સો.વે.મે. વિભાગે ૧૫ વાહનોની માહિતી આપેલ હોવાનું જણાય છે. પરંતુ સો.વે.મે. ધ્વારા ખાતાના ૧૨ વાહનો અને વેકસીન વિભાગનું ૦૧ વાહન મળી કુલ ૧૩ વાહનોની જ માહિતી અરજદારને પાઠવવામાં આવેલ હતી. ઉપરોકત તમામ હકીકતથી વિદિત થઈ મહેકમ વિભાગ ધ્વારા નિમણુંક કરેલ –૨૧૮ ડ્રાઈવરોમાંથી સો.વે.મે. વિભાગને ૧૬ ડ્રાઈવરો ફાળવવામાં આવેલ હતાં જે પૈકી હાલ ફકત ૧૨ ડ્રાઈવરો સો.વે.મે. વિભાગમાંથી પગાર મેળવે છે. જે પૈકી ૧૧ ડ્રાઈવરો સો.વે.મે. વિભાગમાં અને ૦૧ ડ્રાઈવર નામે નયનકુમાર સી. ઓભલીયા વેકસીન વિભાગમાં ફરજ બજાવે છે. જેથી અદ્યતન માહિતીનું પત્રક આ સાથે સામેલ છે. (૪) જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.૨૪૧ તા.૧૮–૬–૧૧ થી રૂા.૨/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ જે અંગે રસીદ નં.૩૧૦૦૮૭ તા.૪–૬–૧૧ થી ભરેલ જણાય છે. જેમાં પાઠવેલ માહિતી અનુ નં.૧૭ દિનેશ બી. પટેલ સાઉથ વેસ્ટ ઝોનમાં પણ જણાવવામાં આવેલ છે. જે અંગે રીપોર્ટમાં સાઉથ વેસ્ટઝોન ફરજનું રીમાર્કસ કરેલ છે. (૫) જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી આપવામાં આવેલી માહિતીમાં અનુ નં.૩ ડ્રાઈવર દિનેશ પટેલ અને અનુ નં.૭ અમિત આર પટેલ અઠવાઝોન લીસ્ટમાં પણ જણાવેલ છે તેવી અપીલમાં કરેલ રજૂઆત જોતાં અઠવાઝોનના લીસ્ટમાં દિનેશ બી. પટેલ નથી પરંતુ દિનેશ આર પટેલ છે. જયારે અમિત પટેલ બંને લીસ્ટમાં જણાયેલ છે. (૬) જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી દિનેશ આર પટેલનું નામ અઠવાઝોનમાં પણ જણાવાયેલ છે. તેવી અરજદારની રજૂઆત કરેલ છે. જે અંગે બંનેના લીસ્ટનું ચકાસણી કરતાં દિનેશ આર. પટેલનું નામ બંને લીસ્ટમાં જણાવેલ છે જેની સ્પષ્ટતા કરવી રહે. (૭) જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી આપેલ માહિતીમાં હસમુખલાલ આર વણોલનું નામ સો.વે.મે. માં જણાવેલ હોવાની અરજદારની અપીલમાં રજૂઆત બાબતે સો.વે.મે.. તરફથી તેઓની બદલી કરેલ હોવાનું જે તે ઝોન સ્પષ્ટ રીતે જણાવેલ છે. જે અંગે અઠવાઝોનમાં તેની માહિતી આપવામાં આવેલ છે. (૮) જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીના રજૂઆત બાદ કરેલ પુનઃ પ્રસ્તાવ અનુસાર રસીદ નં.૩૧૧૩૭૫ તા.૮–૭–૧૧ થી દસ્તાવેજ ફી ભર્યાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૯૩ તા.૧૪–૭–૧૧ થી દસ્તાવેજની નકલો પૂરી પાડવામાં આવેલ છે. (૯) જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આપેલી માહિતીમાં એક પણ નામ ૨૧૮ પૈકીના ડ્રાઈવરનું જણાતું નથી તેવી રજુઆત કરેલ છે. (૧૦) જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ બાબતે અરજદારે સમય મર્યાદા બાદ માહિતી પત્ર નં.૮૧૯ તા.૮–૭–૧૧ થી સમય અવધિ બાદ પાઠવ્યાની રજૂઆત કરેલ છે. તથા તેની માહિતીના પાના નંગ–૪ નહીં મળ્યાની રજુઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં અરજદારને એફઈએસ/૮૨૦ તા.૮–૭–૧૧ થી માહિતી પૂરી પાડયાનું જણાવેલ છે. (૧૧) જાહેર માહિતી અધિકારી ફાઈલેરીયા મેલેરીયા તરફથી આપવામાં આવેલ માહિતી બાબતે અરજદારે એક ડ્રાઈવરની માહિતી પત્ર નં.પીએચડી/આઈઓ/૫૮૦ તા.૧૨–૭–૧૧ થી આપેલ છે જેમાં અરજદારે અપીલ તબકકે તમેની તા.૧૦–૨–૧૧ ની અરજી સંદર્ભે આપેલ માહિતીની સ્પષ્ટતા માંગેલ છે જે અંગે અરજદારને અગાઉ આપેલ માહિતી ખાતાના ડ્રાઈવરોની માહિતીના સંદર્ભે તથા હાલની અરજી બાબતે હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી સંદર્ભે આપેલ હોવાનું જણાય છે. (૧૨) જાહેર માહિતી અધિકારી રીક્રૂટમેન્ટ બાબતે અરજદારે મુદ્દા નં.૧ અને ૨ અંગે અરજદારે મુળ અરજીમાં દર્શાવેલ હેવી વ્હીકલ અને ઉમેદવારોની નિમણુંક બાબતેની માહિતીની નકલ માંગેલ છે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે અરજદારે અપીલ તબકકે ટીવીએ૧૪૭ ઉમેદવાર ૧૩ અને ટીવીએ ૩૦૦૩–૦૭ ઉમેદવાર નં.૫૨ ની માહિતી તેમજ અપીલ તબકકે મુળ અરજીમાં જણાવેલ ડ્રાઈવરોની નિમણુંક અંગેની સ્પષ્ટતા અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી ઉપસ્થિત કરેલ છે. તેમજ અરજદારે અપીલમાં શીડયુલ કાસ્ટની નિમણુંક બાબતે કરેલી રજૂઆતમાં અરજદારને કોઈ પણ વ્યકિત સામાન્ય કેટેગરીમાં અરજી કરી શકે છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. તથા કાઈટેરીયા બાબતે પણ અરજદારને ભરતીમાં તે જળવાયા હોવાનું માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલમાં કુલ ૨૧૮ પૈકી ૫૪ જેવા હેવી વ્હીકલ ડ્રાઈવરોની માહિતી મળેલ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૩ તા.૬–૮–૧૧ થી અપીલ અરજીમાં નારાજગી મુદ્દા આધારસહ સ્પષ્ટ કરવા તેમજ મુદ્દા નં.૫ અંગે કયા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કેટલી સંખ્યાની મળેલી નથી તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તે અંગે કોઈ પૂરક વિગતો રજૂ કરી પ્રકાશ પાડેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે રજૂ કરેલ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની વિગતો જોતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ૧૯૫ ડ્રાઈવરોની માહિતી મળ્યાનું જણાય છે. તેમ છતાં અરજદારે અપીલમાં અગાઉની માહિતી સાથે સરખામણી કરી આધાર તરીકે ટાંકી સ્પષ્ટતાઓ માંગેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં જણાવેલ છે. તેમ છતાં અરજદારે અગાઉની ડ્રાઈવરોની માહિતી અને તેના પ્રશ્ન સંદર્ભે અને તા.૨૭–૫–૧૧ ના હેવી ડ્રાઈવરોના પ્રશ્ન સંદર્ભે હોવાની તથા ડબલ યાદીમાં નામ બાબતે પણ બદલી અને પોસ્ટીંગનું સ્થળ અને ફરજ તથા પગારનું સથળ અલગ અલગ વિભાગ હોવાનું જણાવેલ છે. તેમ છતાં અરજદાર તે બાબતે સ્પષ્ટતા અંગે ઈન્સ્પેકશન કરી શકે છે. અત્રે એ પણ સૂચક છે કે સરખી માહિતી

અંગે અરજદારની અગાઉની અપીલ નં.૧૭/૧૧–૧૨ તા.૮–૪–૧૧ તથા અપીલ નં.૯૭/૧૧–૧૨ તા.૨–૬–૧૧ ના અનુક્રમે અત્રેના હુકમ નં.આરટીઆઈ સેલ/૨૨૬ તા.૩૦–૫–૧૧ તથા આરટીઆઈ સેલ/૪૮૨ તા.૧૪–૭–૧૧ થી અરજદારને લાગત જાહેર માહિતી અધિકારીનો અગોતરો સમય મેળવી તપાસણી કરી માહિતી મેળવી લેવા પુનરાવર્તિત તકો પણ આપેલ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા સેન્ટ્રલઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૦ માં પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારીઓ તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જે જાહેર માહિતી અધિકારીની માહિતી અંગે મુદ્દા નં.૫ અંગે ૨૧૮ ડ્રાઈવરો પૈકીની આપેલી માહિતી બાબતે સ્પષ્ટતા જોઈતી હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો રજાના દિવસો સિવાય ઓફિસ કામકાજના સમય દરમ્યાન આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. જે અંગે અરજદારે દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની દિન–૧૦ માં અમલવારી કરવા તથા તેની જાણ અત્રે કરવા લાગત પક્ષકાર જાહેર માહિતી અધિકારીઓને જણાવવામા આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,વેસ્ટઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) ,.ચા. ચીફ સીકયુરીટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન ખાતુ), ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને જા.મા.અ. (વર્કશોપ),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( હાઈડ્રોલીક, લીંબાયતઝોન), ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઈ.ચા. સ્ટોર્સ સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર્સ), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (મ.ભ.યો.), ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી , (સોલીડવેસ્ટ ,મેનેજમેન્ટ,માર્કેટ, વેકશીનેશન,યુસીડી,આઈસીડીએસ, વીબીડીસી) , ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ –વિભાગ)...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,